# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર

## બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા (તારીખઃ ૧૩/૦૩/૨૦૨૪, બુધવાર)
## કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા, તારીખઃ ૧૩/૦૩/૨૦૨૪ને બુધવારના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે. એસ. લિખીયા |
| ૩) | ડૉ. વિનાયક એચ. પટેલ |
| ૪) | ડૉ. સંદિપ કે. ભટ્ટ |
| ૫) | ડૉ. મનિષભાઇ પટેલ |
| ૬) | શ્રી વિજયસિંહ યુ. ઝાલા |
| ૭) | ડૉ. અલકાબેન મેકવાન |
| ૮) | શ્રી રૂષિકેશભાઇ શાહ |
| ૯) | શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ |
| ૧૦) | શ્રી કેતનકુમાર પી. પટેલ |
| ૧૧) | કુલસચિવશ્રી |

**નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-**

૧) શ્રી નીરજકુમાર સિંઘ (જાણ કરેલ હતી)
૨) ડૉ. દર્શના દવે (જાણ કરેલ હતી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

**ત્યાર બાદ સર્વે સભ્યશ્રીઓને પ્રો. ડૉ. નિરંજનભાઇ પટેલની સરદાર પટેલ યુનિવર્સિટીના ૧૬માં કુલપતિ તરીકે અને Gujarat Public Universities Act: 2023 અમલમાં આવ્યા બાદ યુનિવર્સિટી નાં પ્રથમ કુલપતિ તરીકે આગામી (૫) પાંચ વર્ષ માટે નિમણૂંક થયા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી અને શુભેચ્છા પાઠવી.**

### (હિસાબ વિભાગ)

૧. સરદાર પટેલ યુનિવર્સિટીના સનેઃ ૨૦૨૨-૨૩ વર્ષના તૈયાર થયેલ અને ઓડિટ થયેલા હિસાબો તથા ઉપરોક્ત હિસાબો ઉપરની ઓડિટ નોંધ અંગે વિચારણા કરી હિસાબો મંજૂર કરવા બાબત. **(બિડાણઃ૧)**

(૧) સરદાર પટેલ યુનિવર્સિટીના ધારાની કલમ-૩૯ પેટા કલમ (૨) અનુસાર યુનિવર્સિટીના સને ૨૦૨૨-૨૩ના આંતરીક ઓડિટ થયેલા હિસાબો તથા ઉપરોક્ત હિસાબો ઉપરની નોંધ અંગે વિચારણા કરી સને ૨૦૨૨-૨૩ના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા બાબત.

(૨) કલમ-૩૮ પેટા કલમ (૧) અનુસાર યુનિવર્સિટીના સને૨૦૨૨-૨૩ના ઓડિટ થયેલા હિસાબો પરની ઓડિટ રીપોર્ટની નોંધ લેવા બાબત.)

(નોંધઃ સદર બાબતને સરદાર પટેલ યુનિવર્સિટી ફાઈનાન્સ એન્ડ એસ્ટબ્લીશમેન્ટ તા. ૨૩-૧૦-૨૦૨૩ના રોજ મળેલ સમિતીની ભલામણ ક્રમાંકઃ૪ તેમજ તા.૦૮-૧૧-૨૦૨૩ની સિન્ડીકેટની સભામા ઠરાવ ક્રમાંક.૨૦ બહાલી મળેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૨-૨૩ વર્ષના તૈયાર થયેલ અને ઓડિટ થયેલા હિસાબો તથા ઉપરોકત હિસાબો ઉપરની ઓડિટ નોંધ અંગે વિચારણા કરી સને ૨૦૨૨-૨૩ના ઓડિટ થયેલ હિસાબો મંજૂર કરે છે.**

**(હિસાબ વિભાગ)**

૨. સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૩-૨૪ના પુનઃનિર્મિત તેમજ ૨૦૨૪-૨૫ અંદાજપત્રો (નિયમીત અને સ્વનિર્ભર)અંગે વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૨ )**

સરદાર પટેલ યુનિવર્સિટી ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ તા.૩૦-૦૧-૨૦૨૪ના રોજ મળેલ સમિતીના ભલામણ ક્રમાંકઃ૫ અને ક્રમાંકઃ૬ (સામેલ-૧)થી યુનિવર્સિટીના સને ૨૦૨૩-૨૪ના પુનઃ નિર્મિત તેમજ ૨૦૨૪-૨૫ અંદાજપત્રો(નિયમીત અને સ્વનિર્ભર)બહાલી આપેલ છે જેને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં ચર્ચા વિચારણા કરી મંજૂરીની અપેક્ષાએ રજૂ.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૩-૨૪ના પુનઃનિર્મિત તેમજ ૨૦૨૪-૨૫ અંદાજપત્રો (નિયમીત અને સ્વનિર્ભર) અંગે વિચારણા કરી અંદાજ પત્ર ને બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભા મંજૂર કરે છે.**

**(એકેડેમિક વિભાગ)**

૩. યુનિવર્સિટીનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૭મો વાર્ષિક અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણઃ૩ -CD)**

(નોંધઃ સરદાર પટેલ યુનિવર્સિટી એકટ -૪૦ અન્વયે યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ પ્રતિવર્ષ એકેડેમિક વિભાગ તથા એડીટોરીયલ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ના સરદાર પટેલ યુનિવર્સિટીનો ૬૭મો વાર્ષિક અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

**(પરીક્ષા વિભાગ)**

૪. LL.B. - 1st Semesterમાં વિદ્યાર્થીની દ્વારા મેળવેલ પ્રવેશ રદ કરવા તથા પ્રથમ સેમેસ્ટરની આપેલ પરીક્ષાનું પરીણામ રદ કરવા બાબત... (બિડાણઃ૪)

**(નોંધઃ (૧)** નાયબ કુલસચિવ એકેડેમિક વિભાગ દ્વારા તેઓના પત્ર ક્રમાંક નંબર ડી/૧૦/૭૭૩૨ તારીખ : ૧૭/૨૮-૦૨-૨૦૨૪ દ્વારા ઉપરોક્ત વિદ્યાર્થીનીનો પ્રવેશ તથા પરીણામ રદ કરવા વિનંતી કરેલ છે.

**(૨)** સદર બાબતે તારીખ : ૧૨/૦૨/૨૦૨૪ના રોજની ઓફીસ નોંધમાં મંજૂરી મેળવવામાં આવી છે.

(૩) તારીખ : ૧૨/૦૨/૨૦૨૪ની ઓફીસ નોંધમાં જણાવ્યા મુજબ કુ. રશ્મિકા બારોટ દ્વારા Bachelor of Artsની ડીગ્રી શ્રી સત્યસાંઇ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી એન્ડ મેડીકલ સાયન્સીસમાં અભ્યાસ કર્યો હતો.

(૪) ઉપરોક્ત બાબતે કુ. રશ્મિકા બારોટને ઉંડાણ પૂર્વકની પુછપરછ કરતાં તારીખ:૨૦/૦૧/૨૦૨૪ના રોજ તેઓશ્રી દ્વારા તેમના સ્વલિખિત કબુલાતનામામાં સદર બાબતે સ્પષ્ટ પણે ઉલ્લેખ કરેલ છે.

(૫) શ્રી પી. એમ. પટેલ કોલેજ ઓફ લો એન્ડ હુમન રાઇટ્સ કોલેજ, આણંદમાં LL.B. પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ પ્રક્રિયા થઇ ત્યારે કુ. રશ્મિકા બારોટ દ્વારા Bachelor of Artsની માર્કશીટ જે ખરાઇ કરવા માટે આપેલ હતી તે ખોટી અને પૈસા આપીને મેળવેલ હતી તેવું સ્વીકારેલ છે.

(૬) કુ. રશ્મિકા બારોટ દ્વારા LL.B. પ્રથમ સેમેટરમાં Student ID No.2023014789 થી પ્રવેશ મેળવેલ છે. તથા ડિસેમ્બર:૨૦૨૩માં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ LL.B. પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા બેઠક ક્રમાંક નંબર: ૩૮૨થી આપેલ છે. અને તેનું પરીણામ FE/TC કેટેગરી અંતર્ગત (એટલેકે Migration Certificate કે Transfer Certificate જમાં કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓ) જાહેર કરવામાં આવેલ છે. પરંતુ હજૂ સુધી માર્કશીટ આપવામાં આવેલ નથી.

(૭) **તો કુ. રશ્મિકા બારોટનું સદર જાહેર કરવામાં આવેલ પરિણામ રદ કરવામાં આવશે તથા તેને માર્કશીટ ઇસ્યુ કરવામાં આવશે નહીં.**

**આથી ઠરાવવામાં આવે છે કે કુ. રશ્મિકા બારોટનું સદર જાહેર કરવામાં આવેલ પરિણામ રદ કરવું તથા તેને માર્કશીટ ઇસ્યુ કરવી નહી. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ વિદ્યાર્થીને ભવિષ્યમાં કોઇ પણ અભ્યાસક્રમમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ ફાળવવો નહીં અને કોલેજને પણ જાણ કરવી કે રાજય બહારની યુનિવર્સિટીની માર્કશીટ બાબતે ભવિષ્યમાં ખાસ તકેદારી રાખવી અને ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તેની કોલેજને તાકિદ કરીએ.**

**(પરીક્ષા વિભાગ)**

૫. સરદાર પટેલ યુનિવર્સિટીના બંધારણ મુજબ યુનિવર્સિટી દ્વારા એકેડેમિક વર્ષ દરમ્યાન સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત પદવીઓ એનાયત કરવામાં આવે છે. જે મુજબ દરેક વર્ષના ૧૫મી ડીસેમ્બરના રોજ પદવીદાન સમારંભમાં માનનીય ગવર્નરશ્રીના હસ્તે અને તેઓશ્રીના હસ્તાક્ષરથી પદવીઓ એનાયત કરવામાં આવે છે. અને બીજી વખત વર્ષના અંતે માર્ચ મહીનામાં છેલ્લા દિવસે સેનેટ મિટીંગ દરમ્યાન સ્ટેચ્યુટ S:15(8) under the provision of Statute 169(A) અંતર્ગત આ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓની પદવી પરીક્ષાઓમાં નિયમાનુસાર ઉતિર્ણ થયેલા વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવે છે. પરંતુ ૯ સ્પ્ટેમ્બર, ૨૦૨૩ના રોજથી ગુજરાત સરકાર દ્વારા ગુજરાતની સરકારના તાબા હેઠળની તમામ યુનિવર્સિટીઓમાં યુનિફોર્મિટી જળવાઇ રહે માટે કોમન એકટ લાગુ કરવામાં આવેલ છે. જેની શરતો અને નિયમો મુજબ સિન્ડીકેટ તથા સેનેટનું અસ્થિત્વ રહેતું નથી તથા તેની જગ્યાએ Executive Council તથા Board of Management ની રચના કરવા સુચવેલ છે. જેથી ચાલુ વર્ષે ૧૬ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ

પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું પરંતુ **માર્ચ-૨૦૨૪માં આપવાની થતી સેનેટની ડીગ્રી પરંપરાગત રીતે આપવી કે કેમ જે બાબતે ચર્ચા વિચારણા અર્થે રજૂ.**

**આથી ઠરાવવામાં આવે છે કે આ સભાએ સૈધ્ધાંતિક સ્વીકાર્યું કે પરંપરાગત સેનેટ સભાની જગ્યાએ ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૨૩માં નવા કોમન એકટના સંદર્ભે લઇને હવે પછી Board of Management દ્વારા મંજૂર કરાવીને ડીગ્રી આપવી.**

**(એકેડેમિક વિભાગ)**

૬. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના પરિપત્ર મુજબ નેહા પ્રેમપાલ સિદ્ધુ ની ધોરણ ૧૨ માં નાપાસ ની માર્કશીટની તપાસ અંગે માનનીય કુલપતિશ્રી દ્વારા નીમેલ સમિતિની પ્રથમ અને બીજી સભામાં થયેલ ભલામણ પર ચર્ચા-વિચારણા કરવા બાબતઃ-

કાર્યનોંધ

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના પરિપત્ર મુજબ નેહા પ્રેમપાલ સિદ્ધુ ની ધોરણ ૧૨ માં નાપાસ ની માર્કશીટ ની તપાસ અંગેની બીજી સભા માનનીય કુલપતિશ્રી ની અધ્યક્ષતામાં તા.૧૧/૦૩/૨૦૨૪, સોમવાર ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે કુલપતિશ્રી નાં કાર્યાલયમાં મળી હતી.

સદર સમિતિમાં નીચેની સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | | |
|---|---|---|
| 1 | Prof. Niranjanbhai Patel | Hon.Vice-Chancellor,S.P.University |
| 2 | Dr. Bhilalbhai Patel | Registrar, S.P.University |
| 3 | Prof. A.H.Hasmani | Head,P.G.Departmennt of Mathematics, S.P.University |
| 4 | Prof. Kinjal Ahir | Head,P.G.Departmennt of Economics, S.P.University |
| 5 | Prof. M. N. Patel | Head,P.G.Departmennt of Chemistry, S.P.University |

સદર સમિતિમાં નીચેના સભ્યશ્રી ગેરહાજર રહ્યા હતા.

૧. પ્રો. મિતેશ જયસ્વાલ, પી.જી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ, સ.પ.યુનિ.

સભાની શરૂઆતમામં માનનીય કુલપતિશ્રીએ સર્વે સભ્યોશ્રીઓને આવકાર્યા હતા.

ચર્ચા વિચારણાને અંતે સમિતિ દ્વારા નીચે મુજબની ભલામણ કરવામાં આવી હતી.

૧. એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ દ્વારા મોકલવામાં આવેલ ખુલાસો સંતોષકારક નથી, તેમજ તેઓ દ્વારા મોકલેલ માહિતી મુજબ પ્રવેશ ફોર્મ ભરવામાં ગંભીર બેદરકારી રાખેલ છે, અને ફોર્મ અધુરૂં ભરેલ છે. આચાર્ય અને જે તે કર્મચારીની ગંભીર ભૂલ જણાય છે.

૨. એમ.એસ.ભગત એન્ડ સોનાવાલા લો કોલેજ, નડીયાદે પ્રવેશ ફોર્મ સ્વીકારવામાં થયેલ ભૂલનો સ્વીકાર કરેલ છે. આચાર્ય અને જે તે કર્મચારીની ગંભીર ભૂલ છે.

સદર વિદ્યાર્થીની ધોરણ-૧૨માં નાપાસ હોવા છતાં બી.એ.નાં પ્રથમ વર્ષના પ્રવેશ માટે ફોર્મ ભરેલ છે, જે વિદ્યાર્થીનીની ગંભીર ભૂલ છે, જે તેણીએ વાલીની હાજરીમાં સમિતિ સમક્ષ લેખિતમાં સ્વીકાર કરેલ છે.

તેમજ બન્ને કોલેજ એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ અને એમ.એસ.ભગત એન્ડ સોનાવાલા લો કોલેજ, નડીયાદે સદર વિદ્યાર્થીની નાપાસ હોવા છતાં પ્રવેશ આપેલ છે, તેથી યુનિવર્સિટીની

પતિષ્ઠાને હાની પહોંચે તેવી ગંભીર ભૂલ કરેલ છે, તેથી સમિતિ બન્ને કોલેજો સામે શિક્ષાત્મક પગલાં લેવા ભલામણ કરે છે.

સમિતિ દ્વારા સદર વિદ્યાર્થીનીનું બી.એ.નું પ્રવેશ રદ કરવું તેમજ બી.એ.ના આધારે લીધેલ એલ.એલ.બી.નું પ્રવેશ પણ રદ કરવા ભલામણ કરે છે.

સદર વિદ્યાર્થીનીનો પ્રવેશ રદ થતાં તેણે મેળવેલ બી.એ. તેમજ એલ.એલ.બી.ની તમામ માર્કશીટો તેમજ ડીગ્રી રદ કરવા અંગે અને વિવિધ સત્તા મંડળોની મંજૂરી મેળવવા આગળની કાર્યવાહી કરવા પરીક્ષા વિભાગને જાણ કરવા ભલામણ કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સમિતીની આપેલ ભલામણો મંજૂર કરવી અને દંડ રૂપે બંન્ને કોલેજો પાસેથી જે તે અભ્યાસક્રમની તમામ સેમેષ્ટરની જે કુલ ફી વિદ્યાર્થીએ કોલેજમાં ભરી હોય તે બમણી ફી કોલેજ પાસેથી દંડ રૂપે દિન-૩૦માં ફી પરત લેવી અને કોલેજોને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે અંગે તકેદારી રાખવા જણાવવું. વર્ષઃ ૨૦૧૭ પછી બંન્ને કોલેજોમાં જેટલા પણ એડમિશન થયેલ છે, તે દરેકના એડમિશન ફોર્મ અને ડોક્યુમેન્ટસની ચકાસણી કરીને કોલેજે આ તમામ એડમિશન નિયમ અનુસાર ફાળવ્યા છે અને તેમાં કોઈ અનિયમિતતા નથી, તે અંગેનું સોગંદનામું કરીને દિન-૩૦માં યુનિવર્સિટીને જાણ કરવાની રહેશે.**

**(પરીક્ષા વિભાગ )**

૭. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના પરિપત્ર મુજબ નેહા પ્રેમપાલ સિદ્ધુની ધોરણ-૧૨માં નાપાસની માર્કશીટની તપાસ સમિતિએ કરેલ ભલામણ પર ચર્ચા વિચારણા કરવા તથા નેહા પ્રેમપાલ સિદ્ધુએ મેળવેલ B.A. તથા LL.B. ની ડીગ્રી તથા માર્કશીટ રદ કરવા બાબત...

**(નોંધઃ (૧)** એકેડેમિક વિભાગ દ્વારા તેઓના પત્રક્રમાંક નંબર ડી/૨૦૨૩-૨૪/૮૦૬૯ તારીખ : ૧૨/૦૩/૨૦૨૪ ના રોજ પત્ર દ્વારા ઉપરોક્ત બાબત અંગે તારીખ : ૧૯-૦૨-૨૦૨૪ ના રોજ કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તેઓના કાર્યાલયે મળેલ તપાસ સમિતિનો અહેવાલ મોકલી આપેલ છે. અને સતા મંડળની મંજૂરી મળ્યેથી તેણીની તમામ ઓરીજનલ માર્કશીટ તથા ડીગ્રી સર્ટીફીકેટ મેળવી ત્યાર બાદ યુનિવર્સિટી પરીક્ષા વિભાગ દ્વારા ઉપરોક્ત વિદ્યાર્થીનીની ડીગ્રી તથા માર્કશીટ રદ કરવા વિનંતી કરેલ છે.

**(૨)** સદર બાબતે તારીખ : ૧૨/૦૩/૨૦૨૪ની કાર્યનોંધમાં સદર વિદ્યાર્થીનીનો ધોરણ-૧૨ના આધારે BA નો પ્રવેશ રદ કરવો અને B.A. ના આધારે LL.B. નો પ્રવેશ રદ કરવો તથા ઓરીજનલ માર્કશીટ તથા ઓરીજનલ ડીગ્રી સર્ટીફીકેટ યુનિવર્સિટીઓ પોતાની કસ્ટડીમાં લેવા અંગે ભલામણ કરી છે.

**(૩)** તારીખ : ૧૨/૦૨/૨૦૨૪ની કાર્યનોંધમાં જણાવ્યા મુજબ નેહા પ્રેમપાલ સિદ્ધુ દ્વારા ધોરણ - ૧૨ નાપાસ હોવા છતા **Bachelor of Arts** ની ડીગ્રી માટે એન.એસ. પટેલ આર્ટસ કોલેજ, આણંદમાં પ્રવેશ મેળવેલ જે અંગેનો એન. એસ. પટેલ આર્ટસ કોલેજ, આણંદ દ્વારા આપવામાં આવેલ ખુલાશો સંતોષકારક નથી તેમજ તેઓ દ્વારા મોકલેલ માહિતી મુજબ પ્રવેશ ફોર્મ ભરવામાં ગંભીર બેદરકારી રાખેલ છે અને ફોર્મ અધુરૂ ભરેલ છે. જે અંગે આચાર્ય તથા જે તે કર્મચારીની ગંભીર ભુલ જણાય છે. **LL.B.** ના પ્રવેશ અંગે એમ. એસ. ભગત એન્ડ સોનાવાલા લૉ કોલેજ, નડિયાદે પ્રવેશ ફોર્મ

સ્વીકારવામાં થયેલ ભૂલનો સ્વીકાર કરેલ છે. આચાર્ય અને જે તે કર્મચારીની ગંભીર ભૂલ છે.

(૪) ઉપરોક્ત બાબતે બંન્ને કોલેજ એન. એસ. પટેલ આર્ટસ કોલેજ, આણંદ તથા એમ. એસ. ભગત એન્ડ સોનાવાલા લૉ કોલેજ, નડિયાદ દ્વારા યુનિવર્સિટીની પ્રતિષ્ઠાને હાની પહોંચે તેવી ગંભીર ભૂલ કરેલ છે. તેથી સમિતિ બંન્ને કોલેજ સામે શિક્ષાત્મક પગલાં લેવા ભલામણ કરે છે.

(૫) નેહા પ્રેમપાલ સિદ્ધુ દ્વારા Student ID No.2017021215 થી B.A. તથા LL.B. માં પ્રવેશ મેળવી અભ્યાસ પુર્ણ કરેલ છે તથા ઓગષ્ટઃ૨૦૨૦માં B.A. તથા એપ્રિલઃ ૨૦૨૩માં LL.B. નો અભ્યાસ પુર્ણ કરેલ છે.

**નેહા પ્રેમપાલ સિદ્ધુ નું સદર જાહેર કરવામાં આવેલ બંન્ને ડીગ્રીઓનું પરિણામ રદ કરવામાં આવશે તથા તેની પાસે રહેલ ઓરીજનલ માર્કશીટ તથા ડીગ્રી સર્ટીફીકિટ યુનિવર્સિટી ખાતે જમાં લેવા માટે મંજુરી અર્થે રજૂ..**

**આથી ઠરાવવામાં આવે છે કે સમિતીએ આપેલ ભલામણ સંદર્ભે પુખ્ત ચર્ચા-વિચારણાને અંતે નેહા પ્રેમપાલ સિદ્ધુની સદર જાહેર કરવામાં આવેલ બંન્ને ડીગ્રીઓનું પરિણામ રદ કરવામાં આવે તથા તેની પાસે રહેલ ઓરીજનલ માર્કશીટ તથા ડીગ્રી સર્ટીફીકિટ યુનિવર્સિટી ખાતે જમાં લેવા તેમજ નેહા પ્રેમપાલ સિદ્ધુ ભવિષ્યમાં સરદાર પટેલ યુનિવર્સિટી માં અન્ય કોઈ પણ અભ્યાસક્રમમાં પ્રવેશ ફાળવવો નહી.**

કુલસચિવ

નંબરઃ કે.૧/૮૨૨૪
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૨/૦૩/૨૦૨૪

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.